# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/300 Dt. 17/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ, ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે સાર્વજનિક યુનિવર્સિટી ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન અને ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તેમજ સાર્વજનિક યુનિવર્સિટીના સહયોગથી શુક્રવાર, તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સાર્વજનિક યુનિવર્સિટી, સુરત ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતિઓને મહત્વની તકેદારીઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ સેમિનારમાં નવી સિવિલ હોસ્પિટલના પ્રોફેસર અને Respiratory Medicine Departmentના હેડ ડો. પારૂલ વડગામાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. તેમણે વિદ્યાર્થિનિઓને સંબોધતા જણાવ્યું હતું કે, વિદેશમાં વસતા યુવક સાથે લગ્ન કરવાનો નિર્ણય લેતા પહેલા પૂરતો સમય લઈને પરસ્પર ઓળખ વિકસાવવી અત્યંત જરૂરી છે. માત્ર સગાઈ કે પરિચયના આધારે તાત્કાલિક લગ્ન ન કરવાને બદલે, યુવકને ઓછામાં ઓછા વીસ વખત મળીને તેના સ્વભાવ, વિચારધારા અને વર્તણૂકને સારી રીતે સમજી લેવા જોઈએ.

યુવકના પરિવારજનો વિષે તેમજ તેમના આડોશ–પાડોશમાં તેમની પ્રતિષ્ઠા અને માહોલ કેવો છે તે અંગે જાણકારી મેળવવા માટે લગ્ન પહેલા એકવાર યુવકના વિદેશમાં ઘર અને પરિવારની મુલાકાત લેવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, પહેલો પ્રેમ કોઈ અંતિમ સત્ય નથી, ઘણીવાર તે માત્ર ક્ષણિક આકર્ષણ હોય છે. લગ્ન એ જીવનનો અત્યંત મહત્વનો નિર્ણય હોવાથી તેમાં ભાવુકતાને સ્થાન આપવાને બદલે સમજદારી અને પરિપક્વતા જરૂરી છે. લગ્ન પછી પરિવારમાં જવાબદારીઓ વહેંચવી પડે છે અને લગ્નજીવન બે વ્યક્તિઓના વિચાર, સમજ અને વર્તણૂક પર ટકેલું હોય છે, આથી લગ્ન પહેલાં યુવક સામે પોતાની અપેક્ષાઓ છુપાવવી નહીં, પરંતુ તમામ બાબતોમાં સ્પષ્ટતા અને ખુલ્લા સંવાદ સાથે જ લગ્ન કરવાનો નિર્ણય લેવો જોઈએ.

ડો. વડગામાએ વધુમાં કહયું કે, લગ્ન પછી જો કોઈ કારણસર સંબંધ તૂટી જાય તો વિદેશમાં પોતાનું ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે અભ્યાસ અથવા રોજગાર અંગે પહેલેથી જ એક વિકલ્પરૂપ યોજના મનમાં રાખવી જરૂરી છે, જેથી કોઈના આધાર વિના પણ ત્યાં આત્મનિર્ભરતા સાથે જીવન જીવી શકાય. તેમણે યુવતિઓને પોતાની તંદુરસ્તી અને આહાર પર વિશેષ ધ્યાન આપવાની, યોગ્ય ડાયેટ જાળવવાની પણ સલાહ આપી હતી, જેથી શારીરિક અને માનસિક સ્વસ્થતા સાથે આત્મવિશ્વાસપૂર્વક જીવન આગળ વધારી શકાય.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, હાલના ડિજીટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તારે છે. પરિચય કેળવાતા, પરિપકવ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ અગમચેતી રાખવી જરૂરી બને છે.

મુખ્ય વકતા સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓને સંબોધતા જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઇને વસનારાઓની સંખ્યામાં વધારો થઇ રહયો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઇ રહયો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે, આથી આવા લગ્નોમાં જોખમ વધુ રહે છે.

ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાંકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે, આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, ખોરાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઇએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિષેની ચોકકસ માહિતી મેળવવી જોઇએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન માટે કોઇ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઇ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું, લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઇ જઇ લગ્ન નહિ કરવા, બીજા દેશમાં જઇ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો, વિદેશમાં રહેતી વ્યકિતનો લગ્ન દરજ્જો એટલે કે વ્યકિત કુવારી છે, છુટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યકતા છે વિગેરેની

ચકાસણી કરવી જોઇએ. આ ઉપરાંત ઇમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ – પત્ની તરીકેની પાત્રતા, નાણાંકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુંટુંબની પાર્શ્વભૂમિ વિગેરે મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઇએ.

ગાંધીનગરના બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના પ્રતિનિધિ શ્રી પ્રજ્ઞેશ લવિંગિયાએ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે અને સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર કિરણ પંડયાએ પ્રાસંગિક સંબોધનમાં વિદ્યાર્થીનિઓને જણાવ્યું હતું કે, જ્યાં સુધી સંપૂર્ણપણે વિશ્વાસ નહીં હોય ત્યાં સુધી લગ્ન નહીં કરવા જોઇએ. જે વ્યકિત સાથે લગ્ન કરવાના છે તેના સ્વભાવ, વર્તણૂંક, પરિવાર અને આડોશ–પાડોશના માહોલ વિષે એનાલિસિસ કર્યા બાદ જ વિદેશમાં લગ્ન કરવા જોઇએ.

સાર્વજનિક યુનિવર્સિટીના ઇન્ચાર્જ રજિસ્ટ્રાર શ્રી આશિષ દેસાઇએ યુનિવર્સિટી તેમજ તેઓની વિવિધ પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ અતિથિ વિશેષનો પરિચય આપ્યો હતો. ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર સુરતના કો–ચેરમેન શ્રી ચેતન શેઠે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. એનઆરજી સેન્ટર સુરતના સભ્ય એડવોકેટ પરેશ પારેખે મુખ્ય વકતાનો પરિચય આપ્યો હતો. મુખ્ય વકતા વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.